GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

# જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના ઓનલાઇન શિક્ષક તાલીમ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ

વિપુલકુમાર પી. રાવલ, આચાર્ય (HTAT)
સરગવાડા પ્રાથમિક શાળા, તા. જૂનાગઢ શહેર, જિ. જૂનાગઢ

## સારાંશ

પ્રસ્તુત અભ્યાસમાં ઓનલાઇન શિક્ષક તાલીમની ઉપયોગિતા અને તેમાં રહેલી પડકારરૂપ બાબતો પર આધારિત સ્વરચિત અભિપ્રાયવલીની રચના કરીને ગૂગલ ફોર્મના માધ્યમથી જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૧૧૫ શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. અભિપ્રાયવલીમાં ૧ થી ૧૫ વિધાનોમાં સહમત,તટસ્થ અને અસહમત એમ ત્રણ પ્રકારના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા.આ અભિપ્રાયોનું સારણીસ્વરૂપે સંખ્યા અને ટકાવારી પત્રકમાં દર્શાવીને પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું.અભ્યાસના અંતે પ્રાપ્ત પરિણામો જોતા,(૧)જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોને વિષયવસ્તુ અને વ્યાવસાયિક સજ્જતા માટે ઓનલાઇન તાલીમ ઉપયોગી બને છે.(૨)ઓનલાઇન તાલીમથી શિક્ષણના નૂતન પ્રવાહો અને અભિગમોની તલસ્પર્શી માહિતી મળી રહે છે.(૩)ઓનલાઇન તાલીમમાં મૂલ્યાંકનનું કાર્ય પડકારરૂપ લાગે છે અને(૪) શિક્ષકોને ઓનલાઇન તાલીમ બાદ તે જ વિષયની ઓફલાઇન તાલીમની બહુ જરૂર જણાતી નથી.

## ૧.૦ પ્રાસ્તાવિક

શિક્ષક એ શિક્ષણનો આધારસ્તંભ છે. શિક્ષણના માધ્યમથી તે મૂલ્યો અને સંસ્કારોનું વહન કરે છે. શિક્ષક એ વાલીઓનો વિશ્વાસ અને વિદ્યાર્થીઓનો રોલ મોડેલ છે. તેથીજ, શિક્ષકે હમેશાં સજ્જ રહેવું જોઈએ. શિક્ષક સજ્જતામાં વિષયવસ્તુની સજ્જતા સૌથી મહત્વનું પાસું છે. આ વિષયવસ્તુની સજ્જતા કેળવવામાં તથા શિક્ષણના વિવિધ નૂતન અભિગમોથી વાકેફ થવામાં તાલીમની અગત્યની ભૂમિકા રહેલી છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર અપાય તે માટે આ ક્ષેત્ર સાથે સંકળાયેલ દરેક શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા કેળવાય તે ખૂબ જરૂરી છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શિક્ષકોને જરૂરી તાલીમ આપવાનું કાર્ય જી.સી.ઈ.આર.ટી. અને ડાયેટ દ્વારા પરંપરાગત રીતે થઈ રહ્યું છે.પરંતુ,કોવિડ-૧૯ની મહામારીએ આપણને પરંપરાગત કાર્યક્ષેત્ર અને કાર્યશૈલીથી બહાર નીકળીને ઘણા રસમય અને નવતર દ્રષ્ટિકોણની ભેટ આપી છે.

શિક્ષણમાં ઓનલાઈન તાલીમ એ ભારત અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલ નાવિન્યપૂર્ણ પ્રયોગ છે.આ ઓનલાઇન શિક્ષક તાલીમ કાર્યક્રમ એ વર્તમાનમાં,પરંપરાગત તાલીમ કાર્યક્રમના વિકલ્પ કે પડકાર સ્વરૂપે સ્વીકાર્ય બની રહ્યો છે ત્યારે આ અંગે જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના મંતવ્યો જાણવાનું જરૂરી જણાયું.પ્રસ્તુત અભ્યાસ આ દિશામાં શિક્ષકોના અભિપ્રાયોની તપાસ કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતું.

એમ.જી.વાજા(૧૯૯૬) એ કરેલા અભ્યાસમાં નૂતન અભિગમના ભાગરૂપે પ્રાથમિક શિક્ષણની ગુણાત્મક સુધારણા તથા વ્યાવસાયિક સજ્જતા માટે તાલીમની નોંધપાત્ર અસર જોવા મળી હતી, જ્યારે પ્રફુલ્લાબા જાડેજા(૧૯૯૯)ના અભ્યાસમાં જોવા મળ્યું હતું કે શિક્ષક તાલીમથી વિષયવસ્તુ સજ્જતામાં નોંધપાત્ર ફેરફાર થયો હતો.

વ્યાવહારિક અને સંખ્યાત્મક પ્રકારના આ સંશોધનનું ક્ષેત્ર 'શિક્ષકોની સેવાકાલીન તાલીમ' છે. તેમ કહી શકાય.

**૨.૦ હેતુઓ**

૨.૧ ઓનલાઇન તાલીમની ઉપયોગિતા જાણવી.

૨.૨ ઓનલાઇન તાલીમ લેવામાં શિક્ષકોને જે પડકારોનો સામનો કરવો પડે છે તે ઓળખવા.

૨.3 ઓનલાઇન તાલીમ પરત્વે શિક્ષકોનો દષ્ટિકોણ તપાસવો.

**3.0 ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનમાં નીચે પ્રમાણેની વિધાન સ્વરૂપની ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

૩.૧ શિક્ષણમાં ઓનલાઇન તાલીમની ઉપયોગિતા અંગેના શિક્ષકોના અભિપ્રાયો જાણી શકાશે.

૩.૨ શિક્ષણમાં ઓનલાઇન તાલીમની પડકારરૂપ બાબતો અંગેના શિક્ષકોના અભિપ્રાયો જાણી શકશે.

**૪.0 ચાવીરૂપ શબ્દો**

**ઓનલાઇન તાલીમ:** ભારત અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા દીક્ષા એપ,સ્વિફ્ટચેટ એપ વગેરે વિવિધ ડિજિટલ માધ્યમ મારફતે અપાતી તાલીમનું એક સ્વરૂપ.

**પ્રાથમિક શાળાના શિક્ષક:** જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ-જૂનાગઢ દ્વારા સંચાલિત સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક.

**માધ્યમિક શાળાના શિક્ષક:** ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળની જૂનાગઢ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાના શિક્ષક.

**૫.0 વ્યાપ વિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ જુનાગઢ જિલ્લાના કુલ ૩૪૧૪ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો પૂરતું સીમિત હતું. જે પૈકી જુનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના કુલ ૧૧૫ શિક્ષકોના અભિપ્રાયો નમૂના તરીકે લેવામાં આવેલ હતા.

**૬.0 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં ઓનલાઇન તાલીમ અંગેના ૧૫ અભિપ્રાયોને સાંકળતી એક સ્વરચિત અભિપ્રાયવલી તૈયાર કરવામાં આવી હતી. જેમાં પ્રત્યેક વિધાનની સામે સહમત,તટસ્થ અને અસહમત એમ ત્રણ અભિપ્રાયોના વિકલ્પ આપવામાં આવ્યા હતા.આ અભિપ્રાયવલીમાં ઓનલાઇન તાલીમની ઉપયોગિતા આધારિત ૧૧ પ્રશ્નો અને શિક્ષકો માટે પડકારરૂપ બાબતો અંગેના ૪ પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા હતા.સ્વરચિત અભિપ્રાયવલી પરિશિષ્ટ ૧ માં સામેલ છે.

**૭.0 માહિતી એકત્રીકરણ**

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે શિક્ષણમાં ઓનલાઇન તાલીમની ઉપયોગિતા  અને તેમનાં પડકારો અંગે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના અભિપ્રાયો મેળવવા માટે સ્વરચિત અભિપ્રાયવલીનો ઉપયોગ કર્યો હતો. ગૂગલ ફોર્મ આધારિત આ અભિપ્રાયવલીની લિંક શિક્ષકોના વ્હોટ્સએપ ગ્રુપમાં મોકલવામાં આવી હતી જેને આધારે સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના કુલ ૧૧૫ શિક્ષકોના અભિપ્રાયોને ગૂગલ ફોર્મના માધ્યમથી એકત્રિત કરવામાં આવ્યા હતાં.

**૮.૦ માહિતી પૃથ્થકરણ અને અર્થઘટન :**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી ઓળખ પ્રકારની હતી. ઉત્કલ્પના અનુસાર, માહિતી પૃથ્થકરણ અને અર્થઘટન માં પ્રત્યેક વિધાન માટે સહમતને ૩,તટસ્થને ૨ અને અસહમતને ૧ ગુણાંકન કરવામાં આવ્યું હતું અને તેના આધારે ટકાવારી શોધવામાં આવી હતી.

ઓનલાઇન તાલીમની ઉપયોગિતા  અને પડકારરૂપ બાબતો અંગેના અભિપ્રાયોનું ટકાવારી પદ્ધતિ વડે પૃથ્થકરણ  કરવામાં આવ્યું હતું. પૃથ્થકરણના અંતે, ટકાવારીના સંદર્ભમાં માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.ઓનલાઇન તાલીમની ઉપયોગિતા  અંગેના અભિપ્રાયોનું પૃથ્થકરણ અને અર્થઘટન સ્વરૂપે સારણી–૧ રજૂ કરેલ છે જ્યારે,ઓનલાઇન તાલીમની પડકારરૂપ બાબતો અંગેના અભિપ્રાયોનું પૃથ્થકરણ અને અર્થઘટન સારણી-૨માં દર્શાવેલ છે.

**સારણી – ૧: ઓનલાઇન તાલીમની ઉપયોગિતા અંગેના શિક્ષકોના અભિપ્રાયોનું પૃથ્થકરણ**

| વિધાન ક્રમ | વિધાન | અભિપ્રાયોની સંખ્યા અને ટકાવારી | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સહમત | | તટસ્થ | | અસહમત | |
| | | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| ૧ | ઓનલાઇન તાલીમમાં સમય અને સ્થળની અનુકૂળતા રહે છે. | ૮૯ | ૭૭.૪ | ૧૩ | ૧૧.૩ | ૧૩ | ૧૧.૩ |
| ૨ | ઓનલાઇન તાલીમમાં સહ ભાગીતાની તક વધારે મળે છે. | ૫૨ | ૪૫.૨ | ૨૪ | ૨૦.૯ | ૩૯ | ૩૩.૯ |
| ૩ | ઓનલાઇન તાલીમ એકાગ્રતા પૂર્વક ગ્રહણ કરી શકાય છે. | ૭૩ | ૬૩.૫ | ૧૯ | ૧૬.૫ | ૨૩ | ૨૦ |
| ૪ | ઓનલાઇન તાલીમથી વિષય વસ્તુ સજ્જતામાં વધારો અનુભવાય છે. | ૭૭ | ૬૭ | ૨૧ | ૧૮.૩ | ૧૭ | ૧૪.૮ |
| ૫ | ઓનલાઇન તાલીમથી નૂતન પ્રવાહોથી સારી રીતે વાકેફ થવાય છે. | ૮૮ | ૭૬.૫ | ૧૫ | ૧૩ | ૧૨ | ૧૦.૪ |
| ૬ | ઓનલાઇન તાલીમ બિનખર્ચાળ છે. | ૮૫ | ૭૩.૯ | ૧૮ | ૧૫.૭ | ૧૨ | ૧૦.૪ |
| ૮ | ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO રસપ્રદ હોય છે. | ૭૮ | ૬૭.૮ | ૨૪ | ૨૦.૯ | ૧૩ | ૧૧.૩ |
| ૧૧ | ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO અને તેનું PDF સ્વરૂપ બંને ઉપયોગી બને છે. | ૮૧ | ૭૦.૪ | ૧૭ | ૧૪.૮ | ૧૭ | ૧૪.૮ |
| ૧૨ | ઓનલાઇન તાલીમથી શિક્ષકોની જીજ્ઞાસાવૃત્તિમાં વધારો થાય છે. | ૬૨ | ૫૩.૯ | ૨૫ | ૨૧.૭ | ૨૮ | ૨૪.૩ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ઓનલાઇન તાલીમથી શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતામાં વધારો થાય છે. | ૭૭ | ૬૭ | ૧૯ | ૧૬.૫ | ૧૯ | ૧૬.૫ |
| ૧૫ | ઓનલાઇન તાલીમ બાદ તે જ વિષયની ઓફલાઇન તાલીમની જરૂર રહેતી નથી. | ૫૬ | ૪૮.૭ | ૨૪ | ૨૦.૯ | ૩૫ | ૩૦.૪ |

**સારણી-૧ ની માહિતીનું અર્થઘટન**

સારણી-૧ નું અવલોકન કરતા જણાય છે કે, **ઓનલાઇન તાલીમની ઉપયોગિતા** અંગેના ૧૧ વિધાનો પરના અભિપ્રાયો ૧૧૫ શિક્ષકો પાસેથી મેળવવામાં આવ્યા હતા જેનું ટકાવારીમાં અર્થઘટન નીચે મુજબ છે.:

વિધાન નંબર ૧માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૭૭.૪% હતી.આમ,૭૭% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમમાં સમય અને સ્થળની અનુકૂળતા રહે છે.

વિધાન નંબર ૨માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૪૫.૨% હતી. આમ,૪૫% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમમાં સહભાગીતાની તક વધારે મળે છે.

વિધાન નંબર ૩માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૬૩.૫% હતી. આમ,૬૪% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમ ગ્રહણ કરવામાં એકાગ્રતા સારી રહે છે.

વિધાન નંબર ૪માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૬૭% હતી. આમ,૬૭% શિક્ષકો માને છે કે વિષય વસ્તુ સજ્જતા માટે ઓનલાઇન તાલીમ ઉપયોગી છે.

વિધાન નંબર ૫માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૭૬.૫% હતી. આમ,૭૭% શિક્ષકો માને છે કે નૂતન પ્રવાહો અને અભિગમોની તલસ્પર્શી માહિતી ઓનલાઇન તાલીમ દ્વારા સારી મળે છે.

વિધાન નંબર ૬માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૭૩.૯% હતી. આમ,૭૪% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમ બિનખર્ચાળ છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

વિધાન નંબર ૮માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૬૭.૮% હતી. આમ,૬૭% શિક્ષકોને ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO રસપ્રદ લાગે છે.

વિધાન નંબર ૧૧માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ७૦.૪% હતી. આમ,७૦% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO અને તેનું PDF સ્વરૂપ બંને ઉપયોગી બને છે.

વિધાન નંબર ૧૨માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૫૩.૯% હતી. આમ,૫૪% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમથી શિક્ષકોની જીજ્ઞાસાવૃત્તિમાં વધારો થાય છે.

વિધાન નંબર ૧૪માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૬૭% હતી. આમ,૬૭% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમથી વ્યાવસાયિક સજ્જતામાં વધારો થાય છે.

વિધાન નંબર ૧૫માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૪૮.૭% હતી. આમ,૪૯% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમ બાદ તે જ વિષયની ઓફલાઇન તાલીમની જરૂર રહેતી નથી.

**સારણી – ૨ : ઓનલાઇન તાલીમની પડકારરૂપ બાબતો અંગેના શિક્ષકોના અભિપ્રાયોનું પૃથ્થકરણ**

| વિધાન ક્રમ | વિધાન | અભિપ્રાયોની સંખ્યા અને ટકાવારી | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સહમત | | તટસ્થ | | અસહમત | |
| | | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| ७ | ઓનલાઇન તાલીમમાં મૂલ્યાંકન નું કાર્ય પડકારરૂપ બને છે. | ૫૪ | ૪७ | ૨૫ | ૨૧.७ | ૩૬ | ૩૧.૩ |
| ૯ | ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુનું માત્ર PDF સ્વરૂપ કંટાળાજનક બને છે. | ૬૧ | ૫૩ | ૨૫ | ૨૧.७ | ૨૯ | ૨૫.૨ |
| ૧૦ | ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO ની લંબાઈ યોગ્ય હોય છે. | ૬૯ | ૬૦ | ૨૦ | ૧७.૪ | ૨૬ | ૨૨.૬ |
| ૧૩ | ઓનલાઇન તાલીમ શિક્ષકો માટે બોજારૂપ અને સમયનો વ્યય નથી | ૫૯ | ૫૧.૩ | ૩૧ | ૨७ | ૨૫ | ૨૧.७ |

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

**સારણી-૨ ની માહિતીનું અર્થઘટન**

સારણી-૨નું અવલોકન કરતા જણાય છે કે,ઓનલાઇન તાલીમની પડકારરૂપ બાબતો અંગેના ૪ વિધાનો પરના અભિપ્રાયો ૧૧૫ શિક્ષકો પાસેથી મેળવવામાં આવ્યા હતા જેનું ટકાવારીમાં અર્થઘટન નીચે મુજબ છે.:

વિધાન નંબર ૭માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૪૭% હતી. આમ,૪૭% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમમાં મૂલ્યાંકનનું કાર્ય પડકારરૂપ એટલે કે અઘરું બને છે.

વિધાન નંબર ૯માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૫૩% હતી. આમ,૫૩% શિક્ષકોને ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુનું માત્ર PDF સ્વરૂપ કંટાળાજનક લાગે છે.

વિધાન નંબર ૧૦માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૬૦% હતી. આમ,૬૦% શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO ની લંબાઈ યોગ્ય હોય છે.

વિધાન નંબર ૧૩માં સહમત અભિપ્રાય આપનાર શિક્ષકોની ટકાવારી ૫૧.૩% હતી. આમ,૫૧% શિક્ષકો ઓનલાઇન તાલીમને બોજારૂપ અને સમયનો વ્યય માનતા નથી.

**૯.૦ તારણો**

**પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણે છે.**

૯.૧ મોટાભાગના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો ઓનલાઇન તાલીમ લેવી વધુ પસંદ કરે છે.

૯.૨ મોટાભાગના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો માને છે કે ઓનલાઇન તાલીમ શિક્ષક સજ્જતા માટે ઉપયોગી છે.

૯.૩ મોટાભાગના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો માને છે કે નૂતન શૈક્ષણિક પ્રવાહોની જાણકારી માટે તેમજ સમય-સ્થળની અનુકૂળતા બાબતે ઓનલાઇન તાલીમ ખૂબ ઉપયોગી છે.

૯.૪ મોટાભાગના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો ઓનલાઇન તાલીમના મૂલ્યાંકન કાર્યને પડકારરૂપ માને છે.

પ્રસ્તુત અભ્યાસના તારણો અગાઉ નોંધેલા એમ.જી.વાજા(૧૯૯૬) અને પ્રફુલ્લાબા જાડેજા (૧૯૯૯)ના અભ્યાસના તારણો સાથે સુસંગતતા ધરાવે છે, તેમ કહી શકાય.

### ૧૦.0 શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસના તારણોના આધારે સંશોધકે કેટલાક ઉપયોગી શૈક્ષણિક ફલિતાર્થો સૂચવેલ છે,જે આ મુજબ છે.

૧૦.૧ ઓનલાઇન તાલીમમાં વિષયવસ્તુના VIDEO અને તેનું PDF સ્વરૂપ બંને હોવા જોઈએ.

૧૦.૨ ઓનલાઇન તાલીમમાં મૂલ્યાંકનનું સ્તર સરળ અને રસપ્રદ હોવું જોઈએ.

૧૦.3 ઓનલાઇન તાલીમ બાદ તે જ વિષયની ઓફલાઇન તાલીમની જરૂરિયાત રહેતી નથી.

૧૦.૪ ઓનલાઇન તાલીમથી સરકારી તાલીમ ખર્ચમાં ઘટાડો કરી શકાય છે.

## સંદર્ભસૂચિ

ઉચાટ,દિનેશચંદ્ર એ.(૨૦૧૨) ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર*** (દ્વિતીય આ.) રાજકોટ:પારસ પ્રકાશન.

પટેલ,આર.એસ.(૨૦૧૭) સંશોધન હાથપોથી (ત્રીજી આ.) અમદાવાદ:જય પબ્લીકેશન.

શુક્લ,સતીશપ્રકાશ એસ.(૨૦૨૦)સંશોધન-પરિચય અને પદ્ધતિશાસ્ત્ર(બીજી આ.) અમદાવાદ:રિશીત પ્રકાશન

પારેખ,ભગવાનલાલ ઉ. અને ત્રિવેદી મનુભાઈ દ.(૨૦૧૦) શિક્ષણમાં આંકડાશાસ્ત્ર (પાંચમી આ.) અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર (સં.)(૨૦૧૮) શૈક્ષણિક સંશોધનોના સારાંશ.

વાજા,એમ.જી.(૧૯૯૬). 'નૂતન અભિગમના ભાગરૂપે પ્રાથમિક શિક્ષણની ગુણાત્મક સુધારણામાં પ્રવર્તમાન તાલીમ અસરકારકતાનો અભ્યાસ' સંશોધન સારસંગ્રહ શ્રેણી પુસ્તિકા-૫, જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર.

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

જાડેજા,પ્રફુલ્લાબા(૧૯૯૯).'જામનગર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ વિશેની અપેક્ષાઓનો અભ્યાસ' સંશોધન સારસંગ્રહ શ્રેણી પુસ્તિકા-૫, જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર.

**પરિશિષ્ટ-૧ : અભિપ્રાયવલી**

| ક્રમ | વિધાન | પ્રતિભાવ | | |
|---|---|---|---|---|
| | | સહમત | તટસ્થ | અસહમત |
| ૧ | ઓનલાઇન તાલીમમાં સમય અને સ્થળની અનુકૂળતા રહે છે. | | | |
| ૨ | ઓનલાઇન તાલીમમાં સહ ભાગીતાની તક વધારે મળે છે. | | | |
| ૩ | ઓનલાઇન તાલીમ એકાગ્રતા પૂર્વક ગ્રહણ કરી શકાય છે. | | | |
| ૪ | ઓનલાઇન તાલીમથી વિષય વસ્તુ સજ્જતામાં વધારો અનુભવાય છે. | | | |
| ૫ | ઓનલાઇન તાલીમથી નૂતન પ્રવાહોથી સારી રીતે વાકેફ થવાય છે. | | | |
| ૬ | ઓનલાઇન તાલીમ બિનખર્ચાળ છે. | | | |
| ૭ | ઓનલાઇન તાલીમમાં મૂલ્યાંકન નું કાર્ય પડકારરૂપ બને છે. | | | |
| ૮ | ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO રસપ્રદ હોય છે. | | | |
| ૯ | ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુનું માત્ર PDF સ્વરૂપ કંટાળાજનક બને છે. | | | |
| ૧૦ | ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO ની લંબાઈ યોગ્ય હોય છે. | | | |
| ૧૧ | ઓનલાઇન તાલીમમાં વિષય વસ્તુના VIDEO અને તેનું PDF સ્વરૂપ બંને ઉપયોગી બને છે. | | | |

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ઓનલાઇન તાલીમથી શિક્ષકોની જીજ્ઞાસાવૃત્તિમાં વધારો થાય છે. | ⬤ | ⬤ | ⬤ |
| ૧૩ | ઓનલાઇન તાલીમ શિક્ષકો માટે બોજારૂપ અને સમયનો વ્યય નથી. | ⬤ | ⬤ | ⬤ |
| ૧૪ | ઓનલાઇન તાલીમથી શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતામાં વધારો થાય છે. | ⬤ | ⬤ | ⬤ |
| ૧૫ | ઓનલાઇન તાલીમ બાદ તે જ વિષયની ઓફલાઇન તાલીમની જરૂર રહેતી નથી. | ⬤ | ⬤ | ⬤ |